ગાંધીનગર સમાચાર

**૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે**

# પથિકાશ્રમ સર્કલ પાસે વિચિત્ર અકસ્માતમાં વેપારીનું મોત

## કારમાં આંતરીક ખામી સર્જાતા કાર પથિકાશ્રમ સર્કલ પર બેકાબુ બની જતા અકસ્માત સર્જાયો : જેમાં કારચાલકનું હાર્ટ ફેઈલ થતા મોત

ગાંધીનગર, તા.૩

શહેરના પથિકાશ્રમ સર્કલ પાસે વિચિત્ર કાર અકસ્માતમાં વાવોલના વેપારીનું કારમાં જ હાર્ટ ફેઈલ થઈ જતા કારમાં જ કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માતને પગલે ક્ષણવારમાં જ ઘ-૩ પથિકાશ્રમ સર્કલ પાસે દોડધામ મચી જતા ભયનો માહોલ સર્જાયો હતો. ફૂટપાથ પાસે કાર બેકાબુ બનતા એક દ્વિચક્રી વાહન અને બે લારીને અડફેટે લેતા ભારે નુકશાન થયું હતું. અકસ્માત અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં વારંવાર કાર લોક થઈ જવાના લીધે અકસ્માત થવાના બનાવો વધી રહ્યા છે ત્યારે આવો જ એક વધુ કિસ્સો ફરી બનવા પામ્યો હતો. જેમાં વાવોલના વેપારીનું કરૂણ મોત નિપજયું હતું.

આ ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગરના વાવોલ સ્થિત ગોહિલ વાસમાં રહેતા શંકરસિંહ પ્રતાપસિંહ ગોહિલ છેલ્લા ઘણા વર્ષોથી પથિકાશ્રમ સર્કલ પાસે સે-૬ મેદાન પર નોનવેજની ખાવા-પીવાની ચીજવસ્તુઓનો ધંધો કરે છે. આ દરમિયાન ગત રોજ વેપારી



શંકરસિંહ પોતાની કાર નં. જીજે-૧૮-એએમ-૩૮૫૭ જાતે ચલાવી ચ-૩ તરફથી ઘ-૩ ના માર્ગ પર આવી રહ્યા હતા બરોબર ત્યારે જ કારની અંદર આંતરીક ખામી સર્જાતા ચાલક કાર પરનો કાબુ ગુમાવી બેઠો હતો અને કાર બેકાબુ બનતા સર્કલ પાસે સેકટર-૬ના કોર્નર પર ફૂટપાથ પર ચડી ગઈ હતી અને કારે એક એકટીવાને કચડી બે લારીને પણ અડફેટે લીધી હતી. આ અચાનક જ બનેલી ઘટનાને લીધે સર્કલની આસપાસમાં ભારે અફડાતફડી સર્જાઈ હતી.

થોડા સમય બાદ કારમાં તપાસ કરતા કારના ચાલક શંકરસિંહ બેભાન હાલતમાં કારમાં મળ્યા હતા આથી તાબડતોબ આસપાસના રાહદારીઓ ઈજાગ્રસ્તને સારવાર અર્થે સિવિલમાં લઈ આવ્યા હતા. જયાં ફરજ પરના ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ અકસ્માત અંગે સે-૭ પોલીસે બનાવ સ્થળે આવી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં કાર ચાલકનું કારમાં હાર્ટ ફેઈલ થવાના લીધે મોત નિપજયું હોવાનું તારણ જાણવા મળ્યું છે.

આ વિચિત્ર અકસ્માત મામલે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ એ.એસ.આઈ. કાનાભાઈ ચલાવી રહ્યા છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દ્વારા સવારે ૮.૩૦ કલાકે સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડ ગુર્પીંગનો કાર્યક્રમ યોજાશે.

● સ્કાય ગ્રુપ દ્વારા સવારે ૧૦.૦૦ કલાકે પસંદ કરાયેલ શાળાઓમાં શ્રીમદ ભાગવત ગીતા પુસ્તકનું વિતરણ કરાશે.

- નજાહખાનમ સૈયદ

## ગૃહ અને શિક્ષણની ક્રિકેટ મૅચમાં શિક્ષણ વિભાગ વિજયી

સચિવાલય આંતરવિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુરુવારે શિક્ષણ વિભાગ અને ગૃહ વિભાગ વચ્ચે મેચ યોજાઈ હતી, જેમાં ગૃહ વિભાગ તરફથી ૨૦ ઓવરમાં ૧૧૧ રન નોંધાવવામાં આવ્યા હતા. જેની સામે શિક્ષણ વિભાગ તરફથી ૧૮ ઓવરમાં બે વિકેટે ૧૧૪ રન નોંધાવીને મેચ ૮ વિકેટે જીતી લેવામાં આવી હતી.

સંદિપ એમ થાપાના નોટઆઉટ ૪૨ રન, ઈમ્તિયાઝ ભગતના નોટઆઉટ ૨૯ રન, દિલીપ નાઈના ૧૪ રન અને બે વિકેટ તથા રવિસિંહ પરમારની બે વિકેટ આ વિજય માટે મહત્ત્વની નીવડી હતી. સંદિપ થાપાએ મૅન ઑફ ધ મૅચનો ખિતાબ મેળવ્યો હતો.

## પેન્શનર્સ ક્રેડિટ સોસાયટીનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ધી ગુજરાત સ્ટેટ પેન્શનર્સ વેલ્ફેર કો.ઓ. ક્રેડિટ સોસાયટી દ્વારા આગામી તા. ૫ ડિસેમ્બરના રોજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાક દરમિયાન સે-૭, સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજની વાડીએ સોસાયટીના સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શેર સર્ટીફીકેટનું વિતરણ કરવામાં આવશે. આ સમારંભમાં કાર્તિકભાઈ પુરુષોત્તમભાઈ પટેલ, મ્યુ. મહાનગર પાલિકાના ડે. મેયર, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન રાકેશકુમાર મણીલાલ પટેલ પણ ઉપસ્થિત રહેશે. સોસાયટી લિ.ના વ્યવસ્થાપક સમિતિના સભ્ય જે.જે. ત્રિવેદીએ તમામ સભાસદોને હાજર રહેવા અનુરોધ કર્યો છે.

## કચ્છ મિત્ર મંડળનો સન્માન સમારોહ યોજાશે

કચ્છ મિત્ર મંડળ દ્વારા આગામી તા. ૨૦ ડિસેમ્બરના રોજ બપોરે ૩.૦૦ કલાકે ખીમજી વિશ્રામ હોલ, સેકટર-૨૩ ખાતે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવશે. આ સરસ્વતી સન્માન સમારોહમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોએ તા. ૫ ડિસેમ્બર સુધીમાં બાળકોની માર્કશીટ ૯૪૨૭૮૦૧૪૦૩,૯૪૨૮૦૪૯૦૦૮, ૮૮૬૬૧૧૧૨૭૭ અને ૯૪૨૮૩૫૫૭૫૧ નંબરો ઉપર સંપર્ક કરી પ્રતિનિધિને પહોંચાડવાની રહેશે.

# ભારત પીઓકેના બદલે દેશની સરંક્ષણ વ્યવસ્થા મજબૂત કરવા પર ધ્યાન આપે

**ગાંધીનગરના જાણીતા શિક્ષણવિદ્ તથા કડી શિક્ષણ સંકુલના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલનું કાશ્મીર પ્રશ્ને મંતવ્ય**

ગાંધીનગર, તા.૩

તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની વિદેશયાત્રા દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાન હસ્તક કાશ્મીર-પીઓકેનો મુદ્દો ઉઠાવ્યો હતો. પીઓકે પર ભારતનો હક છે તે નિર્વિવાદ હકીકત છે. પરંતુ હાલની પરિસ્થિતિ જોતા અંકુશ રેખાને જાળવી રાખી દેશની સરંક્ષણ વ્યવસ્થાને મજબુત બનાવવી જઈએ તેવો ગાંધીનગરના જાણીતા શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલનું માનવું છે.

ડૉ. સોમભાઈ પટેલના મત મુજબ ભારત પાકિસ્તાનના વિભાજન સમયે કાશ્મીર બેમાંથી એક પણ દેશ સાથે જોડાયું નહોતું. તે સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું હતું પરંતુ પાકિસ્તાને તેને પોતાનામાં ભેળવી દેવા લેવા લશ્કરી કાર્યવાહી કરી જેનાથી ડરીને તે વખતના કાશ્મીરના રાજા હરિસિંહે દિલ્હી દોડી આવી ભારત સાથે જોડાણના કરાર પર હસ્તાક્ષર કરી આપી તેમણે ભારત સાથે જોડાણ કર્યું ત્યાં સુધીમાં પાકિસ્તાને પીઓકે તરીકે ઓળખાતા કાશ્મીરના ભાગ પર કબજો જમાવી દીધો હતો જેને તત્કાલીન ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે તાબડતોબ લશ્કર મોકલી ત્યાં જ અટકાવી દીધું હતું. સરદાર પટેલે પાકિસ્તાને પચાવી પાડેલા પ્રદેશ પરથી તેને હટાવવા વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પાસે સંમતિ માંગી પરંતુ નહેરુએ આપી નહોતી. જવાહરલાલ નહેરુનું કહેવું હતું કે આપણે યુનોમાં જઈને તે પાછું મેળવી લઈશું પરંતુ તેમાંથી આજ દિન સુધી કંઈ મળ્યું નથી.

કાશ્મીરનો પ્રશ્ન ઉકેલવા ભારત હંમેશા દ્વિપક્ષી મંત્રણાઓનો આગ્રહ રાખતું આવ્યું છે અને કોઈ ત્રીજા પક્ષની મધ્યસ્થી તેને સ્વીકાર્ય નથી. ડૉ. સોમભાઈ પટેલનું માનવું છે કે આ આગ્રહ પરંપરા સાથે સુસંગત નથી. ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારવી જ પડે અને બાંધછોડ પણ કરવી પડે કારણે આમ નહીં થવાથી જ આ પ્રશ્ન હજુ સુધી લટકતો રહી ગયો છે. વાસ્તવમાં કાશ્મીર પ્રશ્ન ઉકલી ગયેલો જ છે જે ભાગ પાકિસ્તાને પચાવી પાડયો છે તે પાકિસ્તાનમાં રહ્યો અને બાકીનો ભાગ ભારતમાં રહ્યો છે તેને ઉકેલ માની લઈ દેશની સરંક્ષણ વ્યવસ્થા મજબૂત બનાવવા પર ધ્યાન આપવું જોઈએ તેવું ડૉ. સોમભાઈ પટેલનું મંતવ્ય છે.



શહેરના સદાય જીવંત રહેલા પથિકાશ્રમ સર્કલની આજુબાજુમાં લારી ગલ્લાવાળાઓનો જમાવડો અને શટલીયા જીપોનો ખડકલો જોવા મળતો હતો જેનાથી સ્થાનિકોને ખુબ જ કનડગત થતી હતી. આખરે પોલીસે લાલ આંખ કરી અને દબાણો હટાવાયા અને શટલીયા જીપોને પણ દૂર ખસેડાઈ હતી. સારી બાબત છે પણ કયાં સુધી સુવ્યવસ્થા જળવાશે તેની ખબર નથી. પરંતુ કાલનો દિવસ તો સ્થાનિકો માટે પથિકાશ્રમ સર્કલ આસપાસ વિસ્તાર એકદમ વ્યવસ્થિત રહ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● શહેરના ઘ-૩ પથિકાશ્રમ સર્કલ પાસે સવારે એક ખાનગી સ્કૂલવાનની પોતાના સંતાન સાથે પસાર થતી એક મહિલા સ્કૂટર ચાલક સાથે નજીવી ટકકર થવા પામી હતી. આ અકસ્માતમાં કોઈને ઈજા તો નહોતી થઈ પરંતુ સ્કૂટર ચાલક મહિલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી વાનચાલકને જે રીતે નાની યાદ કરાવી દીધી હતી તે જોઈ ટોળે વળેલા રાહદારીઓને પણ પરસેવો છુટી ગયો હતો.

● શહેરના મુખ્ય માર્ગો ઘ રોડ અને ચ રોડ પર સાંજના સુમારે અચાનક ભારે ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો. ખાસ કરીને ચ-૦ થી ચ-૩ અને ઘ-૦ થી ઘ-૩ સુધી જામ થયલા આ ટ્રાફિકને ઉકેલવા તે સમયે કોઈ ટ્રાફિક પોલીસની હાજરી પણ જોવા મળી ન હોવાથી વાહનચાલકોએ આડેધડ વાહનો ઘુસાડી પરિસ્થિતિ વધુ ગુંચવણભરી પેદા કરી હતી.

● મંગળવારે પણ સાંજના સુમારે ઘ-૨ સર્કલ નજીક ઉભેલા એક રાહદારીને પૂરપાટ વેગે આવતી રીક્ષાએ હડફેટે લીધો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં રાહદારીને નજીવી જ ઈજાઓ થઈ હતી પરંતુ ભેગા થઈ ગયેલા નગરજનોએ રીક્ષા ચાલકને ઠપકો આપ્યો હતો.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર ખાતે છેલ્લા બે વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. તા. ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષાના ગૌરવની પ્રવૃત્તિ કરવાનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથો સાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં વિવિધ શહેરમાં આવી પુસ્તક પરબ યોજાય છે. પુસ્તક પરબનો લાભ લેવા માટે સર્વ કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, ધુર્જટી પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

## ભાઈજીપુરા પાસે અકસ્માતમાં એકટીવા ચાલકનું મોત

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર-કોબા માર્ગ પર ભાઈજીપુરા પાટીયા પાસે ગત રોજ સમી સાંજે માર્ગ વચાળે એકટીવા ચાલક સામે કુતરું આવી ગયું હતું. જેથી ચાલક એકટીવા સાથે સ્લીપ ખાઈ માર્ગની પાસે ફંગોળાઈ ગયો હતો. ઈજાગ્રસ્ત એકટીવા ચાલકનું મોડી રાત્રે સારવાર દરમિયાન પેટના ભાગે ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. આ મામલે ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૩૦ ડિફેન્સ કોલોની મકાન નં. ૬૫૪/૨ ખાતે રહેતા ૪૩ વર્ષીય સ્નેહપાલ ચંદ્ર પાલ શેઠ ખાનગી ટુર ટ્રાવેલ્સનો બિઝનેશ કરે છે. આ દરમિયાન ગત રોજ સ્નેહપાલ પોતાના કામ અર્થે અમદાવાદ તરફ ગયા હતા અને સમી સાંજે અમદાવાદથી પરત ગાંધીનગર પોતાના દ્વિચક્રીય વાહન એકટીવા નં. જી.જે. ૧૮-એસ-૧૯૦૭ પર પોતાના ઘરે આવી રહ્યા હતા. ત્યારે ભાઈજીપુરા પાટીયા પાસે ચાલકના વહન આગળ માર્ગ પર કુતરું આવી જતા ચાલક એકટીવા સાથે સ્લીપ ખાઈ ગયા હતા અને માર્ગની પાસે ફંગોળાઈ ગયા હતા. પરિણામે શરીરના માથાના ભાગે ઈજાઓ થતા તેઓને અમદાવાદ સિવિલ બાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયાં પેટની અંદરના ભાગે ગંભીર ઈજાઓને લીધે મોડી રાત્રે કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માત અંગે કૃણાલ રજનીકાંત શાહની ફરિયાદના આધારે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એમ.એચ. સોલંકી ચલાવી રહ્યા છે.

## હોમગાર્ડઝ અને સીવીલ ડિફેન્સ સ્થાપના દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩

જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ અને નાયબ પોલીસ અધિક્ષક એલ.એન. જેઠવાની રાહબરી અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ૬ઠ્ઠી ડિસેમ્બર હોમગાર્ડઝ સ્થાપના દિન ઉજવવાના કાર્યક્રમો અંતર્ગત આજે ગાંધીનગર શહેર હોમગાર્ડઝ યુનિટ અને નાગરિક સંરક્ષણ તંત્ર ગાંધીનગરના સંયુકત ઉપક્રમે માર્ચપાસ્ટ પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. સીવીલ ડીફેન્સ ગાંધીનગરના ચિફ વોર્ડન અરૂણભાઈ બુચ અને ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝના સ્ટાફ ઓફિસર નગુસિંહ ભાટીએ માર્ચપાસ્ટ પરેડનું પ્રસ્થાન કર્યું હતું. માર્ચપાસ્ટ પરેડ પ્રસંગે તેમણે હોમગાર્ડઝ જવાનો અને સીવીલ ડીફેન્સના સભ્યોને સ્થાપના દિન નિમિત્તે શુભ કામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લાના હોમગાર્ડઝ સબ ઈન્સ્પેકટર-ઈન્સ્ટ્રકટર કિશનસિંહ રાજપૂત, સીવીલ ડીફેન્સના ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ રાઠોડ શહેરના હોમગાર્ડઝ યુનિટના ઓફિસર કમાન્ડીંગ પ્રદીપસિંહ સોઢા, ગાંધીનગર શહેર યુનિટના પ્લાટુન કમાન્ડર જી.એમ. પટેલ, યુનિટના હોમગાર્ડઝ સભ્યો, એનસીઓઝ મહિલા હોમગાર્ડઝ સભ્યો અને સીવીલ ડીફેન્સના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચરેડી છાપરા વિસ્તારના રહિશો વિકાસ ઝંખે છે

**રાજકીય પક્ષો ચુંટણીમાં યાદ કરે છે બાદમાં નહિ**

ગાંધીનગર તા.૩

ગાંધીનગર શહેરને અડીને આવેલો ચરેડી છાપરા વિસ્તાર વિકાસની વાટ જોઈ રહ્યો છે. ચરેડીમાં હજ્જારો છાપરા આવેલા છે છતા પણ શ્રમીક પરિવારો પાયાની સુવિધાથી વંચિત છે. ગંદકીના ઢગ વચ્ચે રહિશો જીંદગી બસર કરી રહ્યા છે. ચુંટણી ટાણે રાજકીય પક્ષોના કાર્યકરો આવીને પ્રાથમિક સુવિધા પુરી પાડવાનું વચન આપી મત માંગે છે પરંતુ ચુંટણી પુરી થયા બાદ ચરેડીમાં કોઈ દેખાતું નથી. આ વિસ્તારમાં વિકાસના નહિ થયો હોવાથી સ્થાનિક રહિશોમાં રોષ ભભુકી ઉઠ્યો છે.





રાજયના પાટનગર ગાંધીનગર સચિવાલયથી રાજયભરમાં વિકાસના આદેશો આપવામાં આવે છે. રાજય સરકાર દ્વારા છેવાડાના ગામ સુધી વિકાસ કરવામાં આવે છે. ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓ પહોંચે તે માટે તંત્રના કર્મચારીઓ રાત દિવસ કાર્ય કરી છે. ગુજરાત પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. ત્યારે શહેરના રાજમાર્ગ ગણાતા ઘ માર્ગ પૂર્ણ થાય ત્યાં જ પાસે વર્ષોથી ચરેડી છાપરા આવેલા છે. આ વિસ્તારમાં મહેનત મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા શ્રમીક પરિવારો ઢગલાબંધ છે. વર્ષોથી રહેતા હજ્જારો લોકો પાસે ઓળખના પુરાવ તરીકે તંત્ર દ્વારા આપવામાં આવેલા ચુંટણી કાર્ડ, રેશનીંગ કાર્ડ છે. ચરેડી છાપરા તરીકે પ્રખ્યાત વિસ્તારમાં પ્રાથમિક સુવિધા પણ ઉપ્લબ્ધ કરાઈ નથી. ભારતભરમાં અત્યારે હાલના સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છ ભારતનું કેમ્પેઈન ચાલે છે. ત્યારે ચરેડીમાં જયાં જુઓ ત્યાં કચરાના ઢગ દેખાઈ રહ્યા છે. સ્થાનિક રહિશો ગંદકીમાં રહેતા તેમના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. ચરેડીમાં રહેતા લોકો અત્યારે હાલ તો ગંદકીમાં જીવન ગુજારી રહ્યા છે.

શહેરમાં મતદારોના ઘરે તંત્ર દ્વારા કચરો લેવા જવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ અહી કોઈ વ્યવસ્થા કરાઈ નથી. આ વિસ્તારમાં હજ્જારો મતદારો હોવાથી ચુંટણી સમયે ઉમેદવારો અને કાર્યકરોને આ શ્રમીક પરિવારો યાદ આવે છે. રાજકીય પક્ષોના કાર્યકરો ચુંટણી સમયે રાત-દિવસ પડ્યા પાર્થયા હોય છે. પ્રાથમિક સુવિધાઆઆપવાની આપવાની વાત કરી મત માંગવા આવે છે. ત્યારબાદ કોઈ અહીં દેખાતું નથી. શહેરને અડીને આવેલા ચરેડી વિસ્તાર વિકાસની વાટ જોઈ રહ્યું છે. જયારે કહેલા વચનો પુરા ન થતા સ્થાનિક રહિશોમાં રોષ ભભુકી નીકળયો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# ખખડધજ ઘ-માર્ગના બદલે મજબૂત માર્ગ નં. ૬નું પેવર કામ શરૂ

## હાડપિંજર એવા ઘ-માર્ગની ધરાર અવગણના જયારે મજબૂત અને સમાસુથરા માર્ગ નં. ૬ને સજાવ્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં જ તંત્રની કામગીરી ઈચ્છા મુજબની થતી હોય તેવું દૃશ્ય ઉભું થયું છે. જેમાં ચોમાસા દરમિયાન ભારે અવરજવર વાળા ઘ માર્ગની દુર્દશા થઈ ગઈ હતી. જેને સરખો બનાવવા માંગ ઉભી થઈ હતી. જેથી તંત્રએ માર્ગોની કામગીરી દિવાળી પછી શરૂ થવાના સંકેત આપ્યા હતા તે મુજબ હાલ કામગીરી શરૂ કરી છે. પરંતુ તંત્ર એ મજબૂત અને અડચણ વગરના માર્ગ નં. ૬ ઉપર કામગીરી શરૂ કરી છે જયારે હેરાન પરેશાન કરતો અને ખખડધજ થઈ ગયેલા ઘ માર્ગની ધરાર અવગણના કરી છે. જે કારણે નગરજનોમાં તંત્રની કામગીરી પ્રત્યે શંકા પેદા કરતા સવાલો ઉભા થયા છે.

નગરમાં તંત્ર એ ઉંધા ચશ્મા પહેર્યા હોય તેવું માર્ગો માટેની તંત્રની કામગીરીથી વર્તાઈ રહ્યુંછે. સોમવારથી નગરના માર્ગ નં. ૬ ઉપર પેવર કામ કરવાનું તંત્ર એ શરૂ કર્યું હોવાનું જણાવ્યું હતું. જેથી લોકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. ખખડધજ અને હાડપિંજર બની ગયેલા ઘ માર્ગને તાકીદે પેવર કરવાની જરૂરીયાત હતી તેની ધરાર અવગણના કરી દેવાઈ છે.



ઘ માર્ગ ઉપરથી પસાર થતા વાહનચાલકો માર્ગની હાલતથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે. તેવી જ રીતે અન્ય મુખ્ય માર્ગોની હાલત પણ કથળેલી છે. છતાં પણ કામની સરળતાને ધ્યાને લઈ તંત્રએ સાફસુથરા અને હાલ પેવરની જરૂરીયાત ન હોવાવાળા એવા માર્ગ નં. ૬નું ધમધોકાર કામ શરુ કરી દીધું છે.

જો કે નગરજનો એ વાત સમજયા છે કે આ કામ પછી તબક્કાવાર તમામ માર્ગોના કામ થશે જ પરંતુ તંત્રની પ્રાથમિકતા સામે સવાલ ઉભા થયા છે. દૈનિક મોટી સંખ્યામાં નાના મોટા વાહનોની ભારે અવરજવર વાળા અને રાજમાર્ગ ગણાતા ઘ માર્ગને તાકીદે પેવર કરવાની જરૂરિયાત અભણ વ્યકિતને સમજાય તેવી છે. ત્યારે વહીવટી તંત્રની બેફિકરાઈ કે અણસમજ આ મુદ્દે ઉડીને આંખે વળગે તેવી સાબિત થઈ છે. વધુમાં છાશવારે ઉપર છલ્લું થતું પેવરકામ પ્રથમ વરસાદે જ ધોવાઈ જાય છે અને વારંવાર ઠેકેદારોને કમાણી કરાવી આપવા પેવર થતા હોય તેવું નગરજનોને લાગે છે. જેથી હાલ શરૂ થયેલા કામમાં ગુણવત્તા યુકત અને ટકાઉ કામગીરી થાય તેવી પણ માંગ ઉઠી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ-દહેગામના સ્નેહમિલન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા.૩

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામ દ્વારા આગામી તા. ૬ ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ઉત્કંઠેશ્વર મહાદેવ સ્થિત 'શ્રી મંગળદાસ સોમાભાઈ અને શ્રીમતી જીવીબેન મંગળદાસ પ્રજાપતિ વિશ્રાંતિ ભવન' ખાતે સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓનો અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સમાજનો ૨૩મો સમુહ લગ્નોત્સવ આગામી તા. ૩૧મી જાન્યુઆરીને રવિવારના રોજ યોજવામાં આવશે. જેમાં લગ્નોત્સુક યુવક યુવતીઓના વાલીઓએ સત્વરે નામ નોંધાવવા જણાવ્યું છે. તેમજ સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ સર્વે જ્ઞાતિબંધુઓને સહપરિવાર આ સ્નેહમિલનમાં પધારવા અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ચીનુભાઈ મનસુખલાલ શાહ, ઉ.વ. ૭૮
- સ્વ. સ્નેહપાલ ચંદ્રપાલ શેઠ, ઉ.વ.૪૬